ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[Gujarat Public Universities Act No. 15/2023]

**પરિપત્ર:**

**વિષય: કોલેજો/અનુસ્નાતક કેન્દ્રો ધ્વારા લેવામાં આવતી વિવિધ ફી ની વિગત આપવા બાબત**
**સંદર્ભ: સ્વનિર્ભર સંસ્થાઓ માટે વર્ષ:૨૦૨૨-૨૩થી નિયત કરવામાં આવેલ ટ્યુશન ફી અંગેનાં પરિપત્ર ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૬૩૨/૨૦૨૨, તા:૧૯/૦૫/૨૦૨૨**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ સરકારી/અનુદાનિત તથા સ્વનિર્ભર કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર પ્રદેશના ચાર જીલ્લાઓ (જુનાગઢ, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, ગીર-સોમનાથ)નાં તમામ પ્રકારનાં વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ અર્થે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીની વિવિધ કોલેજો/કેન્દ્રોમાં પ્રવેશ મળે અને કારકિર્દીમાં આગળ વધી શકે, પ્રવેશથી વંચિત ન રહે તેવા હેતુથી વિવિધ કોલેજોનાં જોડાણ મંજુર કરવામાં આવે છે, નિયમાનુસાર વિદ્યાર્થી સંખ્યા વધારો પણ મંજુર કરવામાં આવે છે અને રાજ્ય સરકારશ્રી ધ્વારા પણ સરકારી અને અનુદાનિત કોલેજોને મંજુરી આપવામાં આવેલ છે જેમાં પણ વિદ્યાર્થી સંખ્યા વધારો મંજુર કરવામાં આવે છે. સરકારી/અનુદાનિત કોલેજો તેમજ સરકારી ધોરણે (રન બાય યુનિવર્સિટી) ચાલતા અનુસ્નાતક કેન્દ્રોમાં સરકારશ્રી ધ્વારા નિયમાનુસાર દરેક વિદ્યાર્થીઓ માટે ટ્યુશન ફી નિયત કરવામાં આવેલ છે તેમજ સ્વનિર્ભર ધોરણે અભ્યાસક્રમ ચલાવતી કોલેજો તેમજ અનુસ્નાતક કેન્દ્રોમાં યુનિવર્સિટી ધ્વારા ટ્યુશન ફી નિયત કરવામાં આવેલ છે.

વિદ્યાર્થીઓ ધ્વારા અનુદાનિત કોલેજો તેમજ સ્વનિર્ભર સંસ્થાઓ નિયત ફી કરતાં વધુ ફી લે છે તેવી રજુઆતો મળે છે જેથી તમામ સંલગ્ન કોલેજોને નિયત ફી જ લેવા જણાવવામાં આવે છે તેમજ જો નિયત ફી કરતાં વધુ ફી લેવા અંગે વિદ્યાર્થીઓ ધ્વારા ફરિયાદ મળશે તેવી કોલેજો સામે યુનિવર્સિટી ધ્વારા નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવશે.

આ ઉપરાંત દરેક કોલેજો ધ્વારા નીચે મુજબનાં ફોરમેટમાં વિદ્યાર્થીઓ પાસેથી મેળવવામાં આવતી વિવિધ પ્રકારની ફી ની વિગત દર્શાવી કોલેજનાં આચાર્યશ્રીના સહી/સિક્કા સાથે દિન-૩માં માહિતી એકેડેમિક વિભાગનાં ઈમેઈલ આઈ-ડી (academic@bknmu.edu.in) ઉપર મોકલી આપવાની રહેશે.

| ક્રમ | કોલેજ/અનુસ્નાતક કેન્દ્રનું નામ | કોલેજ/ અનુસ્નાતક કેન્દ્રનો પ્રકાર (સરકારી/અનુદાનિત/ સ્વનિર્ભર) | અભ્યાસક્રમનું નામ | અભ્યાસક્રમ કયા ધોરણે ચાલે છે. સરકારી/ સ્વનિર્ભર | વિદ્યાર્થીઓ પાસેથી મેળવવામાં આવતી ફી ની વિગત | | | યુનિવર્સિટી ધ્વારા માન્ય ડીવીઝન (વર્ષ:૨૦૨૩) | પ્રવેશ આપેલ વિદ્યાર્થીની કુલ સંખ્યા (વર્ષ:૨૦૨૩) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | ટ્યુશન ફી | અન્ય ફી | કુલ ફી | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |

ઉક્ત ફોરમેટ મુજબની માહિતી દિવસ-૩માં એક વિદ્યાર્થી ભાઈ અને એક વિદ્યાર્થી બહેન પાસેથી મેળવેલ ફી ની રસીદનાં આધાર સાથે મોકલી આપવા જણાવવામાં આવે છે. જે કોલેજ/અનુસ્નાતક કેન્દ્રની માહિતી સમય-મર્યાદામાં નહિ મળે તે કોલેજનાં વિદ્યાર્થીઓના એનરોલ્મેન્ટ તેમજ વિદ્યાર્થી સંખ્યા મંજુર કરવામાં નહિ આવે જેની નોંધ લેશો.

ડૉ. ડી. એચ. સુખડીયા
**કા.કુલસચિવ**

**બિડાણ:** સંદર્ભદર્શિત પત્રની નકલ

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૯૧૯/૨૦૨૪
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, સરકારી પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ. તા.૦૯/૦૭/૨૦૨૪
પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ તરફ...
**નકલ સાદર રવાના:-**
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-**
(૧) આઈ.ટી.સેલ. વેબસાઈટ પર પ્રસિદ્ધ થવા અને યોગ્ય કાર્યવાહી અર્થે...

BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
( Established vide Government of Gujarat Act No. 23/2015 )
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
( ગુજરાત અધિનિયમ નં. ૨૩ / ૨૦૧૫ દ્વારા સંચાલિત )

Azadi Ka Amrit Mahotsav

પરિપત્રઃ-

વિષયઃ શૈક્ષણિક વર્ષઃ૨૦૨૨-૨૩માં ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર સ્નાતક/અનુસ્નાતક તેમજ વ્યાવસાયિક અભ્યાસક્રમોની 'ટ્યુશન ફી' બાબત.

સંદર્ભઃ (૧) એકેડેમિક કાઉન્સિલની બેઠક નં. ૧૩નાં ઠરાવ નં.૧૩.૧૪ અન્વયે.
(૨) એક્ઝિક્યુટીવ કાઉન્સિલની બેઠક નં. ૩૧નાં ઠરાવ નં.૩૧.૦૨.૦૨ અન્વયે.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ સ્વનિર્ભર સ્નાતક કોલેજોના આચાર્યશ્રીઓ તેમજ અનુસ્નાતક કેન્દ્રોના વડાશ્રીઓને જણાવવાનું કે, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર કોલેજો/અનુસ્નાતક કેન્દ્રોમાં ચાલતા અભ્યાસક્રમો માટે નીચે મુજબ ટ્યુશન ફી નિયત કરવામાં આવે છે જેની અમલવારી શૈક્ષણિક વર્ષઃ૨૦૨૨-૨૩થી કરવાની રહેશે.

નોંધઃ સ્નાતક કોલેજ/અનુસ્નાતક કેન્દ્ર કે ડિપ્લોમાં કેન્દ્ર દ્વારા નિયત થયેલ 'ટ્યુશન ફી' કરતાં વધુ ફી લઈ શકાશે નહી. જેનો ચુસ્તપણે અમલ કરવા જણાવવામાં આવે છે.

| યુ.જી. સ્વનિર્ભર કોલેજો માટેની ટ્યુશન ફીની વિગત | | | | |
|---|---|---|---|---|
| ફેકલ્ટી | કોર્ષનું નામ | પ્રથમ સેમેસ્ટર | દ્વિતિય સેમેસ્ટર | વાર્ષિક |
| ARTS | B.A. | 3500 | 3500 | **7000** |
| | B.A. (HOME SCIENCE) | 3500 | 3500 | **7000** |
| | B.R.S. | 5000 | 5000 | **10000** |
| | B.S.W. | 7500 | 7500 | **15000** |
| COMMERCE | B.COM. | 4000 | 4000 | **8000** |
| | B.B.A. | 8000 | 8000 | **16000** |
| SCIENCE | B.Sc. | 12500 | 12500 | **25000** |
| | B.Sc. (F.S.) | 12500 | 12500 | **25000** |
| | B.Sc. (HOME SCIENCE) | 4000 | 4000 | **8000** |
| | B.Sc. (IT) | 12500 | 12500 | **25000** |
| | B.C.A. | 12500 | 12500 | **25000** |

| પી.જી. સ્વનિર્ભર અનુસ્નાતક કેન્દ્રો માટેની ટ્યુશન ફીની વિગત | | | | |
|---|---|---|---|---|
| ફેકલ્ટી | કોર્ષનું નામ | પ્રથમ સેમેસ્ટર | દ્વિતિય સેમેસ્ટર | વાર્ષિક |
| ARTS | M.A. | 7500 | 7500 | **15000** |
| | M.A. (HOME SCIENCE) | 7500 | 7500 | **15000** |
| | M.R.S. | 16000 | 16000 | **32000** |
| | M.S.W. | 16000 | 16000 | **32000** |
| COMMERCE | M.COM. | 8000 | 8000 | **16000** |
| SCIENCE | M.Sc. | 20000 | 20000 | **40000** |
| | M.Sc. (HOME SCIENCE) | 12500 | 12500 | **25000** |
| | M.Sc. (IT) | 15000 | 15000 | **30000** |

| વ્યવસાયિક/ડિપ્લોમા સ્વનિર્ભર કોલેજ/કેન્દ્રો માટેની ટ્યુશન ફીની વિગત | | | | |
|---|---|---|---|---|
| ફેકલ્ટી | કોર્ષનું નામ | પ્રથમ સેમેસ્ટર | દ્વિતિય સેમેસ્ટર | વાર્ષિક |
| LAW | LL.B. | 10000 | 10000 | **20000** |
| | LL.M. | 20000 | 20000 | **40000** |
| P.G.D.C.A. | P.G.D.C.A. | 8000 | 8000 | **16000** |
| D.M.L.T. | D.M.L.T. | 17500 | 17500 | **35000** |

ખાસ નોંધઃ- ઉક્ત ફી સ્ટ્રક્ચર શૈક્ષણિક વર્ષઃ૨૦૨૨-૨૩ થી અન્ય આદેશ ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

કા.કુલસચિવ

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમીક/૬૩૨/૨૦૨૨
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, ગવર્નમેન્ટ પોલીટેકનિક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જૂનાગઢ.
તા.૧૯/૦૫/૨૦૨૨

પ્રતિ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ સ્વનિર્ભર કોલેજોનાં આચાર્યશ્રીઓ તેમજ અનુસ્નાતક કેન્દ્રોના વડાશ્રીઓ તરફ...

<u>નકલ સાદર રવાનાઃ-</u>
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવ.
<u>નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થેઃ-</u>
(૨) આઇ.ટી.સેલ વિભાગ (વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવા અર્થે.)

સરકારી પોલિટેકનિક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા,
જૂનાગઢ - ૩૬૨૨૬૩, ગુજરાત (ભારત),
ફોન નં. ૦૨૮૫ - ૨૬૮૧૪૦૦ ફેક્સ નં.૦૨૮૫-૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road
Khadiya, Junagadh - 362263 ( Gujarat )
Ph: 0285 - 2681400 fax : 0285 - 2681503

www.bknmu.edu.in info@bknmu.edu.in Bhakta Kavi Narsinh Mehta University Junagadh Bhakta Kavi Narsinh Mehta University Junagadh